આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પોતાના પર અસીમ વિશ્વાસ સ્થાપિત કરવો અને એકલા બેસીને અંતઃકરણનો અવાજ સાંભળવો તે વીરપુરૂષનું કામ છે
- વિનોબા ભાવે

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૯૯ | ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૩, રવિવાર; ભાદરવા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં મોડીસાંજે મુશળધાર વરસાદ

## મૌસમનો કુલ વરસાદ ૧૦૨૨ મી.મી. પહોંચ્યો : છેલ્લા ૨૪ કલાકથી ઝરમર વરસાદથી શહેર ભીંજાય છે : વાતાવરણમાં ભારે ઠંડક છવાઈ

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં મોડીસાંજે મુશળધાર વરસાદ વરસતા જનજીવન ખોરવાયું હતું. દિવસ દરમિયાન છૂટક-છૂટક ઝાપટા પડ્યા હતા. ઝરમર ઝરમર વરસાદને કારણે આખું નગર ભીંજાયેલું રહ્યું હતું. બપોરે બે કલાક તડકો, પંદર મિનિટ વરસાદ ફરીથી એક કલાક તડકો અને ફરીથી વરસાદ આમ સુરજ અને વાદળો વચ્ચેની સંતાકુકડી સતત ચાલી હતી. સાંજે સાડાસાતના સુમારે મુશળધાર વરસાદ તુટી પડતાં વેપાર - વ્યવસાયથી ઘરે જનાર નગરજનો ભારે હાલાકીમાં મુકાયા હતા. બિનસત્તાવાર માહિતી મુજબ અડધા કલાકમાં ૧ ઈંચની આસપાસ વરસાદ તુટી પડ્યો હતો. જોકે દિવસ દરમિયાન કુલ ૧૦ મી.મી. એટલે કે અડધો ઈંચ જેટલો જ વરસાદ પડ્યો હતો.

પાછોતરો વરસાદ બંધ થવાનું નામ લેતો નથી. વરસાદનું જોર ચોકકસ ઘટયું છે પરંતુ હજુ પણ ઝરમર વરસાદ સમગ્ર શહેરને ભીંજવી રહ્યું છે. અત્યાર સુધી મૌસમનો કુલ વરસાદ ૧૦૨૨ મી.મી. સુધી પહોંચી ગયો છે.

વરસાદ હવે બંધ થશે તેવી આશા લઈને બેઠેલા વસાહતીઓ વારંવાર ઘેરાઈ આવતા વાદળો જોઈ હતોત્સાહ થઈ જાય છે.

● અનુસંધાન પાન-૭ પર


(તસવીર : દિપક જાની)

### અપર એર સાયક્લોનિક સિસ્ટમ રાજસ્થાન તરફ ફંટાઈ રાજ્યમાં વરસાદનું જોર ઘટશે

ગાંધીનગર, તા. ૨૮

અપર એર સાક્લોનીક સિસ્ટમ રાજસ્થાન તરફ ફંટાતા ગુજરાતમાં વરસાદનું જોર ઘટવા પામશે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અપર એર સાક્લોનિક સિસ્ટમ ગુજરાત પર આવતા છેલ્લા એક સપ્તાહથી સમગ્ર રાજ્યમાં મેઘ તાંડવ સર્જાવા પામ્યું હતું. રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં અનરાધાર વરસાદ પડવા પામ્યો હતો.

રાજ્યમાં ભારે વરસાદ થતાં અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાવા પામી હતી. કૃષિ પાકને મોટુ નુકશાન થયું હોવાની ભીતી વ્યક્ત કરવામાં આવી રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત પર મંડરાયેલ અપર એર સાયક્લોનિક સિસ્ટમ ગુજરાતમાંથી રાજસ્થાન તરફ ફંટાતા હવે ગુજરાતમાં વરસાદનું જોર ઘટશે.

### રાજ્યમાં ૧૩૭ ટકા વરસાદ

ગાંધીનગર, તા. ૨૮

ચોમાસાના અંતિમ ચરણમાં સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ મન મૂકીને પધરામણી કરતાં સમગ્ર રાજ્યમાં સરેરાશ વરસાદ સામે આ વર્ષે અત્યાર સુધીમાં ૧૦૯૬ મી.મી. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે. જે ૧૩૭.૩૭ ટકા જેટલો થાય છે એટલે કે ૩૭ ટકા વધુ વરસાદ આ વર્ષે નોંધાયો છે.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યનો સરેરાશ વરસાદ ૭૯૮ મી.મી. છે જેની સામે આ વર્ષે ૧૦૯૬ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. ડાંગ જિલ્લાને બાદ કરતા રાજ્યના તમામ જિલ્લાઓમાં સરેરાશ વરસાદ સામે ૧૦૦ થી ૧૭૫ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. એટલે દરેક જિલ્લામાં સરેરાશ વરસાદ સામે ૩૦ થી ૭૫ ટકા જેટલો વધુ વરસાદ નોંધાયો છે.

કચ્છ જિલ્લાના સરેરાશ ૩૭૯ મી.મી. વરસાદ સામે આ વર્ષે અત્યાર સુધીમાં ૬૧૮ મી.મી. વરસાદ નોંધાયો છે એટલે કે ૧૬૩ ટકા વરસાદ નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## વરસાદથી થયેલ નુકશાનના અંદાજ માટે સર્વેની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં ભારે વરસાદને કારણે અતિવૃષ્ટિથી કૃષિક્ષેત્રે અને માલ-મિલ્કતને થયેલ નુકશાન માટે કેન્દ્રીય સહાય મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક આવેદનપત્ર તૈયાર કરવામાં આવી રહ્યું છે. અને ટુંકમાં તે કેન્દ્ર સરકારને સુપરત કરીને કેન્દ્રીય સહાયની માંગણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

મહેસૂલ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સમગ્ર રાજ્યમાં છેલ્લા એક સપ્તાહ દરમ્યાન અવિરત અને ભારે વરસાદને કારણે અતિવૃષ્ટિ સર્જાવા પામી છે. ભારે વરસાદને કારણે સૌરાષ્ટ્ર વિસ્તારમાં મગફળી અને કપાસ સહીતના અનેક કૃષિ પાકોને ભારે નુકશાન થવા પામ્યુ છે. ખેડૂતોનો પાક નિષ્ફળ જવા પામ્યો છે.

સૌરાષ્ટ્ર ઉપરાંત મધ્ય અને ઉત્તર ગુજરાતમાં પણ કૃષિ પાકોને ભારે નુકશાન થવા પામ્યું છે.

ભારે વરસાદનો કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં કાચા પાકા મકાનોને અને લોકોની માલ મિલ્કતને ભારે નુકશાન થયું છે. આ ઉપરાંત કેટલાય જિલ્લામાં ભારે વરસાદને કારણે માર્ગોને પણ નુકશાન થવા પામ્યું છે.

રાજ્યમાં અતિવૃષ્ટિને કારણે લીલા દુષ્કાળની સ્થિતિ સર્જાતા અને કૃષિ પાકને થયેલા નુકશાન અંગે તેમજ માલ મિલ્કતનો થયેલ નુકશાન પેટે ખેડૂતો અને લોકોને સહાયરૂપ થવા માટે તેમજ અતિવૃષ્ટિથી થયેલ નુકશાનમાંથી બહાર આવવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે સહાય માંગવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યમાં અતિવૃષ્ટિને કારણે કયા કયા ક્ષેત્રમાં કેટલુ નુકશાન થવા પામ્યું છે તેના કારણે રાજ્ય સરકાર ઉપર કેટલુ આર્થિક ભારણ આવે તેમ છે આ તમામ બાબતો અંગેનો અભ્યાસ કરીને કેન્દ્ર સરકાર પાસે કેટલી રકમની સહાયની માંગણી કરવી એ અંગેનો નિર્ણય લઈને એક આવેદનપત્ર તૈયાર કરવામાં આવશે. અને ત્યાર બાદ કેન્દ્ર સરકાર સમક્ષ સહાયની માંગણી કરવામાં આવશે.

અતિવૃષ્ટિના કારણે થયેલ નુકશાની અંગેનો ચીતાર મેળવવા કેન્દ્રીય ટીમ ગુજરાત આવશે ત્યારે આવેદનપત્ર આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## આજે મોદીની દિલ્હીની રેલીમાં ૩૬ દેશોના રાજદૂતોને આમંત્રણ

ગાંધીનગર, તા.૨૮

દિલ્હીમાં આવતીકાલે યોજાનારી રેલીને ગુજરાતના મુખ્યમંત્રી અને વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સંબોધશે. આ રેલીમાં ૩૬ દેશોના રાજદૂતો ઉપસ્થિત રહેશે.

ભાજપે ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવ્યા બાદ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પણ નરેન્દ્ર મોદીનું નામ જાહેર કરવામાં આવ્યા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં ચૂંટણી પ્રચાર માટે પરિભ્રમણ શરુ કરી દીધું છે.

નરેન્દ્ર મોદીએ ગઈકાલે ત્રીચીમાં રેલીને સંબોધ્યા બાદ આવતીકાલે દિલ્હીમાં રેલીને સંબોધનાર છે. મોદીની રેલી માટે ભાજપ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

નરેન્દ્ર મોદી આવતીકાલે દિલ્હીમાં રેલી સંબોધનાર છે ત્યારે આ રેલીમાં ઉપસ્થિત રહેવા માટે ૬ દેશોના રાજદૂતોને આમંત્રણ આપવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ છત્તીસગઢ અને ત્યાર બાદ ત્રીચીમાં યોજાયેલી રેલીમાં ઉભા કરવામાં આવેલ મંચ લાલ કીલા જેવો બનાવવામાં આવ્યો હતો પરંતુ દિલ્હીમાં આવતીકાલે મોદીની યોજનારી રેલીમાં મંચ ઉપર ૩૬ દેશોના રાજદૂતો હાજર રહેશે.


## પ્રાર્થનાંજલિ



ન તદ્દ્ભાસયતે સૂર્યો
न शशांको न पावकः ।
यद्दगत्वा न निवर्तन्ते
तद्धाम परमं मम ॥
ભગવદ ગીતા : ૧૫-૬

જેને સૂર્ય, ચંદ્ર કે અગ્નિ પ્રકાશિત કરતા નથી અને જ્યાં જઈને મનુષ્ય સંસારમાં પાછો આવતો નથી, તે મારું પરમ ધામ છે.
ભગવદ ગીતા : ૧૫-૬

યશોધરાબેન નરેન્દ્રપ્રસાદ જહા
સ્વ. તા. તા. ૨૩/૯/૧૩

**પૂજ્ય કાકીબા,**
આપના પૂન્યાત્માને
અમારા શત્ શત્ પ્રણામ...

● કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના
● જાગૃતિ - બિપીનચંદ્ર ● ચારૂ - દર્શનકુમાર ● પ્રાર્થના - અનીષ
ચિન્મય - લજ્જા - વિધી - શુભાંગ - કૃપાંશી

**સ્વ. વાસુદેવ જહા પરિવાર**








